### ગજેરાબંધુ સામે રૂ.1928 કરોડની રોકડ ઉચાપતનો કેસ

# ગજેરાના 'શાંતિ રેસિ.'ના ૧૭ વર્ષના હિસાબોનું સ્કેનિંગ શરૂ

**દુકાનોના** વેચાણની ૯૩ ટકા રકમ પેઢીમાં જમા કરાવવાને બદલે બારોબાર હોંગકોંગ મોકલાઈ હોવાનો ઘટસ્ફોટ

**મિલેનિયમ** માર્કેટના વ્યવહારોમાં કરોડોની 'કાળી' કમાણી વિદેશ ફેરવી ફરી ભારતમાં જમીનોમાં રોકાણ કર્યાની આશંકા

#### 2025નો FSL રિપોર્ટ બન્યો ટર્નિંગ પોઇન્ટ

આ કેસમાં સૌથી મહત્ત્વનો પુરાવો 2025માં પ્રાપ્ત થયેલો ફોરેન્સિક વિજ્ઞાન પ્રયોગશાળાનો અહેવાલ રહ્યો હતો. ફરિયાદી દ્વારા રજૂ કરાયેલા રાજીનામા પત્ર, શેર ઓફર લેટર અને રીનાઉન્સિએશન ફોર્મ સહિતના દસ્તાવેજોની સહીઓ ગાંધીનગર લેબમાં ચકાસવામાં આવી હતી. અહેવાલ મુજબ કેટલીક સહીઓ મૂળ નમૂનાઓ સાથે મેળ ખાતી ન હોવાની નોંધ લેવામાં આવી હતી. આ નિષ્કર્ષ બાદ કેસને કાનૂની વેગ મળ્યો હતો. અગાઉ પ્રાથમિક સ્તરે અટકેલી તપાસને હાઈકોર્ટના નિર્દેશ પછી દિશા મળી અને ગુનો નોંધાવાનો માર્ગ મોકળો થયો હતો.

#### બોગસ રાજીનામું અને શેર હિસ્સામાં ફેરફાર

ફરિયાદી પ્રવીણ અગ્રવાલને ડાયરેક્ટર પદ પરથી દૂર કરવા માટે 1 જાન્યુઆરી 2015ના રોજ બનાવટી રાજીનામું તૈયાર કરાયું હોવાનો આક્ષેપ છે. સાથે જ પરિવારજનોના નામે રહેલા શેર સંબંધિત દસ્તાવેજોમાં ખોટી સહીઓ કરીને હિસ્સેદારીમાં ફેરફાર કરાયો હોવાનું કહેવાય છે. આ દસ્તાવેજી ફેરફારો દ્વારા કંપની પર નિયંત્રણ મેળવવાની કોશિશ થઈ હોવાનો પણ આરોપ છે. તપાસ એજન્સી હવે આ તમામ દસ્તાવેજોની કડીઓ સાંકળી રહી છે.

સુરતઃ હીરા ઉદ્યોગ અને રિયલ એસ્ટેટ ક્ષેત્રે જાણીતા વસંત ગજેરા અને તેમના સાગરીતો સામે નોંધાયેલા રૂ. ૧૯૨૮ કરોડની છેતરપિંડીના ગુનામાં ઈકો સેલએ ગાળિયો કસવાનું શરૂ કર્યું છે. પોલીસ ફરિયાદ નોંધાતા જ 'ગજેરા એન્ડ કંપની' ભૂગર્ભમાં ઉતરી ગઈ છે, ત્યારે પોલીસે હવે વર્ષ ૨૦૦૯થી 'શાંતિ રેસિડેન્સી' પેઢીમાં થયેલા કરોડોના શંકાસ્પદ વહીવટોની કુંડળી ખંગાળવાનું ઓપરેશન હાથ ધર્યું છે.

પોલીસે ગજેરા બંધુ સહિત તમામ આરોપીઓ વિરુદ્ધ લૂક આઉટ નોટિસ જાહેર કરી છે, પણ પોલીસ આ મામલે કોઈ સત્તાવાર માહિતી આપી નથી રહી.

પ્રવિણ અગ્રવાલ દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદમાં જે આંકડાકીય માયાજાળ સામે આવી છે તે ચોંકાવનારી છે. મિલેનિયમ માર્કેટની દુકાનોના વેચાણમાં જે ખેલ ખેલાયો છે, તેમાં દુકાનોની કુલ બજાર કિંમત રૂ.૨૦,૮૫૯,૮૨૫,૦૦૦, જ્યારે ચેકથી દર્શાવેલી રકમરૂ. ૧,૫૭,૫૮,૫૬,૦૦૦ અને ઉચાપત કરેલી (રોકડ) રકમ રૂ.૧૯,૨૮,૩૯,૬૯,૦૦૦ છે. તપાસમાં બહાર આવ્યું છે કે, જે દુકાનની બજાર કિંમત રૂ.૫ કરોડથી વધુ હતી, તેના દસ્તાવેજ માત્ર રૂ. ૩૫ લાખમાં કરીને સરકારની આંખમાં ધૂળ નાંખવામાં આવી હતી. જેમાં મિલેનિયમ-૨ની ૪૧૩ દુકાનના વેચાણમાંથી અંદાજે ૯૩ ટકા રકમ (રૂ. ૧૭૮૦ કરોડથી વધુ) પેઢીના ચોપડે દર્શાવવાને બદલે બારોબાર વગે કરી દેવામાં આવી હતી.

તેવી જ રીતે મિલેનિયમ-૪માં પણ ૧૮૫ દુકાનના વેચાણની ૮૪ ટકા રકમ (રૂ. ૧૪૭ કરોડ) સગેવગે કરાઈ હતી. આ સમગ્ર કૌભાંડમાં સૌથી ગંભીર બાબત એ છે કે, રોકડેથી મેળવેલી આખી માતબર રકમ હવાલા મારફતે હોંગકોંગ મોકલવામાં આવી હતી. વિદેશમાં આ નાણાં ફેરવીને ફરીથી 'વ્હાઈટ' મની તરીકે ભારત લાવી જમીનોના મોટા સોદાઓમાં રોકાણ કરવામાં આવ્યું હોવાની દિશામાં હવે પોલીસે તપાસ તેજ કરી છે.

હાલમાં EOWની ટીમ શાંતિ રેસિડેન્સીના ૧૭ વર્ષના બેંક સ્ટેટમેન્ટ્સ, ઓડિટ રિપોર્ટ્સ અને દસ્તાવેજોની ઝીણવટભરી તપાસ કરી રહી છે. કાયદાના સકંજાથી બચવા નાસતા ફરતા ગજેરા બંધુઓની શોધખોળ માટે પણ ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. પોલીસે ગજેરા બંધુ સહિત તમામ આરોપીઓ વિરુદ્ધ લૂક આઉટ નોટીસ ઇસ્યૂ કરી છે.

આ મામલે તપાસ કરતા પીઆઈ હડિયાએ મામલો સેન્સિટિવ હોવાનું કહી સત્તાવાર કહેવાની ના પાડી દીધી હતી. વધુમાં એ પણ ચર્ચાઈ રહ્યું છે કે આરોપીઓ બેલ્જિયમ ભાગી છૂટ્યા છે. ભાગતા પહેલા ગજેરા બંધુએ જમીન દલાલો સાથે મીટિંગ કરી હતી. આ મીટિંગની જાણ તપાસ કરતી ઈકો સેલની પણ ન થઈ તે પણ આશ્ચર્યજનક વાત છે.

# ધારાસભ્ય સામે બાંયો ચઢાવવામાં કોર્પો. નરેન્દ્ર પાંડવને પક્ષની શો-કોઝ

**પાંડવનાં** જાહેર નિવેદનોથી ભાજપની છબી ખરડાઈ, પક્ષે ક્ષોભજનક સ્થિતિમાં મુકાવું પડ્યું

**સોશિયલ** મિડિયામાં લેટરપેડ પર શહેર પ્રમુખની સહી વિનાનો પત્ર નોટિસ ફટાકારાય તે પહેલા જ વાયરલ થતા ચકચાર

#### નોટિસનો સહી વિનાનો પત્ર પાંડવને પહોંચે તે પહેલા સોશિયલ મીડિયામાં વાયરલ, તપાસના આદેશ

સુરત શહેર ભાજપ પ્રમુખ પરેશ પટેલ દ્વારા નોટિસ સત્તાવાર રીતે જાહેર થાય તે પહેલા જ તેમનો નોટિસનો પત્ર સોશિયલ મીડીયામાં વાયરલ થઈ ગયો હતો. તેમની સહી વિનાનો પત્ર સોશીયલ મીડીયામાં વાયરલ થયો હતો. જો કે, પાછળથી પ્રમુખ પરેશ પટેલની સહી સાથેની સમાન લખાણવાળી નોટિસ ઇસ્યુ કરવામાં આવી હતી. આ ઘટનાને પગલે શહેર પ્રમુખ પરેશ પટેલે તપાસના આદેશ આપ્યા છે કે સહી થયા પૂર્વે કાર્યાલયમાંથી લેટરપેડ કોણે અને કેવી રીતે વાઇરલ કર્યું?

સુરતઃ સુરત ભાજપમાં આંતરિક જૂથવાદ અને અશિસ્તના વરવા દશ્યો ફરી એકવાર સપાટી પર આવ્યા છે, જેમાં કતારગામના કોર્પોરેટર નરેન્દ્ર પાંડવને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે.

પાંડવે કતારગામની સરકારી શાળાના લોકેશન બદલવા મુદ્દે પોતાની જ પાર્ટીના ધારાસભ્ય વિનુ મોરડીયા અને મનપાના અધિકારીઓ સામે ભ્રષ્ટાચારના આક્ષેપો સાથે મોરચો ખોલ્યો હતો. કતારગામ વિસ્તારની સરકારી શાળાના લોકેશન બદલવાના મુદ્દે પોતાની જ પાર્ટીના ધારાસભ્ય વિનુ મોરડિયા અને મનપાના અધિકારીઓ સામે ગંભીર આક્ષેપો કરનારા કોર્પોરેટર નરેન્દ્ર પાંડવને પક્ષ દ્વારા કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે. પાંડવે આક્ષેપ કર્યો હતો કે ધારાસભ્યના દબાણને વશ થઈને શાળાને નિયત જગ્યાએથી અન્યત્ર ખસેડવામાં આવી રહી છે. આ ઉપરાંત તેમણે મનપાના અધિકારીઓ અને વિસ્તારમાં ચાલતા ગેરકાયદે બાંધકામો સામે પણ મોરચો ખોલ્યો હતો.

પક્ષના મતે, આ પ્રકારના જાહેરમાં કરાયેલા નિવેદનો અને સોશિયલ મીડિયા પોસ્ટથી ભાજપની છબી ખરડાઈ છે અને પક્ષે શોભજનક સ્થિતિમાં મુકાવું પડ્યું છે, જેના કારણે તેમને શિસ્તભંગ બદલ ભાજપ શહેર પ્રમુખ પરેશ પટેલ દ્વારા અશિસ્ત વર્તન માટે નોટિસ ફટકારી 7 દિવસમાં ખુલાસો કરવા આદેશ અપાયો છે.

# પાલમાં 9 મહિના પહેલા બનેલો રોડ ડ્રેનેજલાઈન માટે ખોદી નંખાયો!

**ઝોન** અને વિભાગો વચ્ચે સંકલનના અભાવે પ્રજાના કરવેરાના નાણાંનો વ્યય



સુરતઃસુરત મહાનગરપાલિકાના વિવિધ વિભાગો વચ્ચે સંકલનના અભાવે પ્રજાની પરસેવાની કમાણી સમાન વેરાના નાણાંનો બેફામ વ્યય થઈ રહ્યો છે. રાંદેર ઝોનના પાલ વિસ્તારમાં સરદાર નગરથી વીર એક્ઝિટો બિલ્ડિંગ સુધીનો અંદાજે 300 મીટરનો ડામર રોડ માત્ર 9થી 10 મહિના પહેલા જ લાખોના ખર્ચે બનાવવામાં આવ્યો હતો. જો કે, નવાઈની વાત એ છે કે હવે આ જ નવનિર્મિત રોડ પર વરસાદી ગટર નાંખવા માટે ખોદાણ શરૂ કરી દેવામાં આવ્યું છે. નિયમ મુજબ, જમીન નીચેની લાઈનો નાંખવાની કામગીરી પૂર્ણ થયા બાદ જ રોડ બનાવવાનો હોય છે, પરંતુ અહીં ઉંધી ગંગા વહેતી હોય તેમ રોડ બન્યા બાદ તેને ખોદી નાખવામાં આવતા મનપાની કામગીરી પર સવાલો ઉઠ્યા છે. પૂર્વ કોર્પોરેટર દ્વારા આ મામલે મનપા કમિશનર એમ. નાગરાજનને લેખિત ફરિયાદ કરી ઉગ્ર રોષ ઠાલવ્યો છે.

આ અણઘડ આયોજનને કારણે મનપાની તિજોરીને નુકસાન તો થયું જ છે, સાથે-સાથે રોડની ગેરંટી બાબતે પણ પ્રશ્નો ઉભા થયા છે. સામાન્ય રીતે રોડ બનાવનાર કોન્ટ્રાક્ટરની વર્ષો સુધીની જવાબદારી હોય છે, પરંતુ અન્ય વિભાગ દ્વારા ખોદાણ કરવામાં આવતા હવે કોન્ટ્રાક્ટર રોડની મરામત માટે જવાબદાર રહેશે નહીં. આમ, સરકારી નાણાંનો બેવડો વેડફાટ થયો છે. વરસાદી પાણીના નિકાલ માટે જાળીઓ નાંખવાની કામગીરીને કારણે આ રોડ વધુ ડેમેજ થશે અને વાહનચાલકોની હાલાકીમાં વધારો થશે. આ ગંભીર બેદરકારી બદલ કયા વિભાગના અધિકારીઓ જવાબદાર છે તેની તપાસ કરી, તેમની સામે કડક પગલાં ભરવાની માંગણી ઉઠી છે જેથી ભવિષ્યમાં જનતાના ટેક્સના પૈસાનો આવો દુરૂપયોગ અટકી શકે.

## સંક્ષિપ્ત સમાચાર

### જી.ડી. ગોએન્કા સ્કૂલમાં 'ડ્રીમી ક્લાઉડ ફેસ્ટ'



સુરતઃ જી.ડી. ગોએન્કા ઇન્ટરનેશનલ સ્કૂલ, સુરત દ્વારા તાજેતરમાં ૨૧ અને ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ પ્લેગ્રુપથી લઈને સીનિયર કે.જી.ના ૪૦૦ થી વધુ વિદ્યાર્થીઓ માટે મનમોહક 'ડ્રીમી ક્લાઉડ ફેસ્ટ'સ્લમ્બર પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રી-પ્રાઈમરી કો-ઓર્ડિનેટર શ્રીમતી અંકિતા મુલિયાના માર્ગદર્શન, એક્ટિવિટી ઇનચાર્જ શ્રીમતી જાનકી પટેલના કુશળ સંચાલન અને શાળાના આચાર્યા શ્રીમતી હેતલ તમાકુવાલાના સતત સહયોગથી આ ઓવરનાઈટ ઈવેન્ટ અત્યંત સફળ રહી હતી. મનોરંજનની સાથે આ ઇવેન્ટ સ્કૂલની 'ચિલ્ડ્રન-સેન્ટ્રિક' ફિલોસોફી પર આધારિત હતી. શ્રીમતી અંકિતા મુલિયાએ જણાવ્યું હતું કે, 'ડ્રીમી ક્લાઉડ ફેસ્ટ' એ આનંદદાયક મનોરંજનનું એક ઉત્તમ ઉદાહરણ હતું.

### સુરત ભાજપ સંગઠનમાં એસસી-એસટીને સ્થાન આપવા પ્રદેશ ભાજપમાં રજૂઆત

સુરતઃ સુરત ભાજપ સંગઠનના નવા માળખામાં એસસી-એસટી સમાજના પ્રતિનિધિઓને સ્થાન આપવા માટે આજે સુરત બારપરા ચોર્યાસી માહાવંશી સમાજ દ્વારા ભાજપના પ્રદેશ મહામંત્રી ડો. પ્રશાંત કોરાટને લેખિત રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆતમાં જણાવાયું હતું કે, શહેર સંગઠનમાં સક્રિય રીતે કાર્યરત એસસી અને એસટી સમાજના ઓછામાં ઓછા બે નેતાને મુખ્ય સંગઠનમાં સ્થાન અપાવવું જોઈએ. ખાસ કરીને મહામંત્રી અને ઉપપ્રમુખ જેવા મહત્ત્વપૂર્ણ હોદ્દા પર સમાવેશ કરવો જોઈ. ભાજપે આ મુદ્દે ફેરવિચારણા કરવી જોઈએ.

### આગામી તા.1લી માર્ચે ઉધનામાં હિંદુ સંમેલનનું આયોજન

સુરતઃ તા.1લી માર્ચના રોજ સમગ્ર દેશમાં યોજાઈ રહેલા વિરાટ હિંદુ સંમેલનના ઉપલક્ષમાં 'સમસ્ત હિંદુ સમાજ આયોજન સમિતિ, ઉધના' દ્વારા ઉધનામાં પણ એક ભવ્ય વિરાટ હિંદુ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આ દિવસે સાંજે ૪:૦૦ કલાકે કળશ યાત્રા નીકળશે, જેમાં અંદાજે ૧૨૫ જેટલી બહેનો ભાગ લેશે. આ કળશ યાત્રા અને વિશાળ રેલી સાંજે ૪:૦૦ કલાકે તેરાપંથ ભવન, ઉધનાથી પ્રારંભ થશે અને ઉધનાના વિવિધ માર્ગો પર ભ્રમણ કરીને ત્રિશૂલ કોમ્પ્લેક્સ, ઉધના ગામ ખાતે વિશાળ સભામાં પરિવર્તિત થશે. સાંજે ૫:૦૦ થી ૭:૦૦ દરમિયાન યોજાનારી આ ધર્મસભામાં વિવિધ સંતો-મહંતોના પ્રવચન અને આશીર્વચન પ્રાપ્ત થશે.

### ભરત કેન્સર હોસ્પિટલ & રિસર્ચ ઇન્સ્ટિટયૂટ ખાતે લીવર કેન્સર વિષયક સેમિનાર યોજાયો

સુરતઃ ભરત કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યુટ અને નિરાલી મેમોરિયલ રેડિએશન સેન્ટર દ્વારા નાનાવટી મેક્સ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ તથા સા.ગુ.ચે.ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના સહયોગથી લીવર કેન્સર વિષયક CME (કન્ટિન્યૂઈંગ મેડિકલ એજ્યુકેશન) સેમિનાર યોજાયો હતો. હોસ્પિટલના ચેરમેન ડો. મહેન્દ્રસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે હોસ્પિટલ ખાતે અત્યાધુનિક પેથોલોજી લેબનું નિર્માણ કરવામાં આવશે. પ્રમુખ મહેન્દ્રભાઈ કતારગામવાળાએ ઉપસ્થિત વિશેષજ્ઞ ડોક્ટરો અને સહયોગી સંસ્થાઓનો આભાર વ્યક્ત કર્યો હતો. સેમિનારમાં ડો. સમીર શાહ, ડો. ગણેશ નાગરાજન સહિત મેક્સ નાણાવટી-મુંબઈની ટીમે લીવર કેન્સર અને લીવર ટ્રાન્સપ્લાન્ટ અંગે માર્ગદર્શન આપ્યું. આ ઉપરાંત ડો. નિલેશ મહાલેના નેતૃત્વ હેઠળ લીવર અને પિત્તાશયના કેન્સર વિષયક પેનલ ચર્ચા યોજાઈ.

### રાષ્ટ્રીય કલા કેન્દ્ર દ્વારા ૩૮મી શિઘ્ર ચિત્ર સ્પર્ધા યોજાઈ

સુરતઃ રાષ્ટ્રીય કલા કેન્દ્ર દ્વારા ૩૮મી શિઘ્ર ચિત્ર સ્પર્ધાનું આયોજન તારીખ ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ અન્નપુર્ણા માતાજી મંદિર ગાર્ડન, પાલ હજીરા રોડ, સુરતમાં રાખવામાં આવ્યું હતું. જેનું પરિણામ આ મુજબ આવ્યું હતું. વિભાગ ૧ (ધો.૧-૪) પ્રથમ વિજેતા તક્ષ રાકેશ મોરે (એલ.એચ. બોઘરા શીશુવિહાર શાળા), દ્વિતિય વિજેતા વિવાન ગાંધી (વી.ડી. દેસાઈ વાડીવાળા સ્કૂલ), તૃતિય વિજેતા જીયા ગાંધી (એસ.ડી. જૈન શાળા) આશ્વાસન ઈનામો ધાનવી વિવેકકુમાર મિસ્ત્રી (એલ.એચ. બોઘરા શીશુવિહાર શાળા) અને દેવર્ષ ગાંધી (નંદુભાઈ ઈંગ્લિશ એકેડમી), વિભાગ ૨ (ધો. ૫-૭) પ્રથમ વિજેતા જયેશ મહારાણા (રેડિયન્ટ ઈન્ટરનેશનલ સ્કૂલ) અને આશ્વાસન ઈનામ માનસી બાંભણિયા (વી.ડી. દેસાઈ વાડીવાળા સ્કૂલ), વિભાગ ૩ (ધો. ૮-૧૨) પ્રથમ વિજેતા જીશા એચ. પટેલ (વી.ડી. દેસાઈ વાડીવાળા સ્કૂલ). નિર્ણાયક તરીકે નૈષધ જાની અને યોગેન્દ્ર પટેલે સેવા આપી હતી. ચિત્રકામ સ્પર્ધાના આ કાર્યક્રમનું સંચાલન આરકેકે ના પ્રમુખ રૂપીન પચ્ચીગર, મહામંત્રી ભરત ભાવસાર અને ચિત્રકામ સમિતિના કન્વીનર રાજર્ષિ સ્માર્તે અથાગ પ્રયત્ન કર્યો હતો.

### જૈનિલ રાજપૂત રાજ્ય કક્ષાના કલાઉત્સવમાં વાધસંગીતમાં પ્રથમ



સુરતઃ વડોદરામાં આયોજીત રાજ્ય કક્ષાના કલા ઉત્સવ-૨૦૨૬માં 'વિકસિત ગુજરાત @2047' થીમ હેઠળ સુરતની જીવનભારતી પ્રવૃત્તિ વિદ્યાલયના વિદ્યાર્થી જૈનિલ મયંક રાજપૂતે વાદ્ય સંગીત સ્પર્ધામાં પ્રદેશ કક્ષાએ દક્ષિણ ગુજરાતના ૭ જિલ્લાના સ્પર્ધકો વચ્ચે પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો. આ પહેલાં પણ જૈનિલે NCERT કલા ઉત્સવ 2024-25 અને 2025-26માં રાજ્ય કક્ષાએ અનુક્રમે તૃતીય અને દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરી શાળા અને શહેરનું ગૌરવ વધાર્યું હતું. જૈનિલ હાર્મોનિયમ વાદક સુનીલ રેવર પાસેથી શાસ્ત્રીય સંગીતની તાલીમ લઈ રહ્યો છે.

# મળસકે નીકળેલાં બાળકોને 12:30 વાગ્યે નાસ્તો આપ્યો

**શિક્ષણ** સમિતિનો લૂલો બચાવ, કેટરર્સની ગાડીને પોલીસે પકડી લીધી અને પંચર પડ્યું હતું

સુરતઃ મનપા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અને સમગ્ર શિક્ષા અભિયાનના સંયુક્ત ઉપક્રમે ધોરણ 6 થી 8 ના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે યોજાયેલો એક દિવસનો શૈક્ષણિક પ્રવાસમાં અંધાધૂંધી જોવા મળી છે. સવારે 5:30 વાગ્યે શરૂ થનારો આ પ્રવાસ બે કલાક મોડો શરૂ થયો હોવાના આક્ષેપો સાથે સોશિયલ મીડિયામાં વાયરલ થયેલી તસવીરોએ તંત્રની પોલ ખોલી દીધી છે. પ્રવાસ દરમિયાન સૌથી ગંભીર બેદરકારી ભોજન વ્યવસ્થામાં જોવા મળી હતી. સવારે 9 થી 10 વાગ્યાની વચ્ચે મળવો જોઈતો નાસ્તો છેક બપોરે 12:30 વાગ્યે ધરમપુર ખાતે આપવામાં આવ્યો હતો. આટલા લાંબા સમય સુધી ભૂખ્યા રહેલા નાના ભૂલકાઓએ મજબૂરીવશ પોતે ઘરેથી લાવેલો નાસ્તો અથવા સ્વખર્ચે બહારથી ખાવાની ચીજો ખરીદીને ભૂખ સંતોષવી પડી હતી.

આ સમગ્ર મામલે કેટરર્સની ઘોર લાપરવાહી સામે આવી છે, જેણે બપોરે જમવાના સમયે નાસ્તો પીરસ્યો હતો અને છેક બપોરે 3 વાગ્યા પછી ભોજનની વ્યવસ્થા કરી હતી. આ મામલે સી.આર.સી દ્વારા એવો બચાવ કરવામાં આવ્યો હતો કે સુરતના કેટરર્સના ટેમ્પોમાં માણસો બેસાડ્યા હોવાથી પલસાણા પાસે પોલીસે પકડ્યો હતો અને ત્યારબાદ ટેમ્પોમાં પંક્ચર પડતા વિલંબ થયો હતો. જવાબદાર તંત્ર દ્વારા આવા બહાના હેઠળ વિદ્યાર્થીઓને કલાકો સુધી ભૂખ્યા રાખવાની ઘટનાને વાલીઓએ સખત શબ્દોમાં વખોડી કાઢી છે.

# વેસુ-કેનાલ રોડ પર MBBSના વિદ્યાર્થીને કારે ઉડાવી દીધો

**ત્રીજા** વર્ષમાં અભ્યાસ કરતાં બાયડના યુવાનની આગામી દિવસોમાં વાર્ષિક પરીક્ષા છે

**પોલીસે** બ્રિયોકારના ચાલકની ગણતરીના કલાકોમાં ધરપકડ કરી

સુરતઃ મૂળ અરવલ્લીના બાયડના રહેવાસી હર્નિશ કૌશિકભાઇ પટેલ સુરતમાં MBBSના અંતિમ વર્ષમાં અભ્યાસ કરે છે. 21 ફેબ્રુઆરીની મોડી રાત્રે તે તેનું જ્યુપિટર મોપેડ (RJ-27-BU-0042) લઈને વેસુ કેનાલ રોડ પરથી પસાર થઈ રહ્યો હતો. ભગવાન મહાવીર કોલેજ નજીક આવેલા સર્કલ પાસે તે વળાંક લઈ રહ્યો હતો, ત્યારે સંગીની સર્કલ તરફથી આવી રહેલી હોન્ડા બ્રિયો કાર (GJ-05-JF-3583)ના ચાલકે તેને ટક્કર મારી હતી. તેને ગંભીર ઇજા થતાં તેના મિત્ર પ્રજ્ઞેશે લોકોની મદદથી તેને ગ્રીનલીફ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જ્યાં તેની સર્જરી કરવામાં આવી છે. આગામી દિવસોમાં તેની ફાઇનલ પરીક્ષાઓ શરૂ થવાની છે. બનાવ અંગે હરનીશના પિતા કૌશિકભાઈ રમણભાઈ પટેલ (રહે. બાયડ, જી. અરવલ્લી)એ અલથાણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે ગ્રાફિક ડિઝાઇનનું કામ કરતાં મિતેશ વિજય જરીવાલા (ઉ.વ. 26)ની ધરપકડ કરી છે.

# તુષાર ઘેલાણી આત્મહત્યા કેસ પ્રિયા ફરતે રહસ્યના તાણાવાણાં

**આરોપી** પૂનમની બહેન પ્રિયા હજુ પોલીસ સમક્ષ હાજર નહીં થતાં નિવેદન નોંધવાનું બાકી

**અસલી** કાતિલ ચહેરાઓ સુધી પહોંચવા પોલીસ પ્રિયાની ધરપકડ પણ કરી શકે

સુરતઃ બિલ્ડર તુષાર ઘેલાણીના આપઘાત પ્રકરણમાં પૂનમની બહેન પ્રિયાની ભૂમિકા અત્યંત મહત્વની માનવામાં આવી રહી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પ્રિયાને અનેકવાર નિવેદન આપવા બોલાવવામાં આવી છે, પરંતુ તે સતત પોલીસને થાપ આપી રહી છે. ક્યારેક 'કૌટુંબિક કારણો' તો ક્યારેક 'તબિયત નરમ હોવાના' બહાના ધરી તે તપાસથી બચી રહી હોય તેમ લાગી રહ્યું છે. ચર્ચાઈ રહ્યું છે કે ધરપકડના ડરથી તે પોલીસ સમક્ષ હાજર થવામાં વિલંબ કરી રહી છે. જો પ્રિયાનું નિવેદન લેવામાં આવે, તો બ્લેકમેલિંગના આ મોટા નેટવર્ક પરથી પડદો ઊંચકાઈ શકે છે.

એસીપી ઝેડ.આર. દેસાઈની તપાસમાં આર્થિક અને માનસિક શોષણના પુરાવા તો મળ્યા છે, પરંતુ હવે પોલીસ માટે પ્રિયાનું નિવેદન અનિવાર્ય બન્યું છે. પોલીસ હવે એ દિશામાં સક્રિય થઈ છે કે પૂનમ અને પ્રિયાની મિલીભગત પાછળ બીજા કેટલા લોકો છે. જો પ્રિયા આગામી દિવસોમાં હાજર ન થાય, તો પોલીસ કડક કાયદાકીય પગલાં ભરી તેની ધરપકડ કરે તેવી પણ શક્યતા છે. દીકરીના લગ્ન જેવા પવિત્ર પ્રસંગે પિતાને આવું પગલું ભરવા મજબૂર કરનાર અસલી સૂત્રધારો સુધી પહોંચવું પોલીસ માટે હવે મોટો પડકાર છે.

# સુરતમાં આ વખતે ધાર્મિક અને આધુનિક થીમથી ધુળેટી રમાશે

**પાર્ટી** પ્લોટોમાં ધૂમધામથી યોજાશે, 15 જેટલા મહા ઈવેન્ટ્સ, ડીજે, ફૂલ, ગુલાબજળ સાથે ઉજવણીનો નવો ટ્રેન્ડ


સુરતઃ હોળી-ધૂળેટીના તહેવાર પર સુરત આધુનિક અને થીમ આધારિત ઉજવણી તરફ વધ્યું છે. શહેરના વિવિધ પાર્ટી પ્લોટો અને ખાનગી સ્થળોએ પ્રોફેશનલ ઈવેન્ટ કંપનીઓ દ્વારા આશરે 15 જેટલા મોટા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમોમાં ફૂલોની હોળી, સુગંધિત ગુલાબજળનો વરસાદ, ઓર્ગેનિક કલર હોળી, ધાર્મિક થીમ આધારિત ઉજવણી કરાશે.

#### ગુલાબજળની ધુળેટી સુરતમાં પ્રથમ વાર યોજાશે

ઈવેન્ટ આયોજક મૌનિલ નાયકના જણાવ્યા મુજબ, ઉધના-મગદલ્લા રોડ પર જમનાબા પાર્ટી પ્લોટ ખાતે વિશાળ ટેન્કમાંથી પાઈપ દ્વારા હજારો લિટર ગુલાબજળનો વરસાદ કરાવવામાં આવશે.

#### રાધા-કૃષ્ણ, વૃંદાવન થિમની જમાવટ

ડુમલ રોડ નજીક ઓર્ચિડ ફાર્મ ખાતે ધાર્મિક વૃંદાવન થીમ પર ભાગ લેવા આવતા લોકો પણ રાધા-કૃષ્ણના પોશાકમાં આવી ઉજવણી કરશે. આ ઉપરાંત આભવા ચોકડી પાસે ચીકુવાડી પાર્ટી પ્લોટમાં મડ ફેસ્ટ યોજાશે.



#### પીપલોદ જીમખાનામાં જૈન સમાજની ધુળેટી ગેટ-ટુ-ગેધરિંગ થિમ સાથે

પિપલોદ સ્થિત જીમખાના ખાતે જૈન સમાજ દ્વારા આ વર્ષે વિશેષ ઘૂળેટી ગેટ-ટુ-ગેધરિંગ સ્વરૂપે યોજાશે. આ કાર્યક્રમમાં ધાર્મિક અને સાંસ્કૃતિક માહોલ સાથે શિસ્તબદ્ધ રીતે હોળી ઉજવવામાં આવશે.

#### સેલિબ્રિટીઓ પણ જોડાશે ઉજવણીમાં

આ વર્ષે અનેક જાણીતા કલાકારો સુરત આવીને લોકો સાથે હોળી ઉજવશે. અડાજણ પાલ વિસ્તારમાં ડી. વિલા પાર્ટી પ્લોટ ખાતે નાગિન ફેમ ટીવી સ્ટાર મૌની રોય ખાસ મહેમાન તરીકે હાજરી આપશે અને ડીજેના તાલે સુરતીઓ સાથે ઝૂમશે. વેસુના પર્પલ ઓર્ચિડ પાર્ટી પ્લોટ ખાતે લોકપ્રિય ગાયક હરિઓમ ગઢવી માહોલ રંગીન બનાવશે.

# સરકારી ટેન્ડરના નામે ૧.૭૦ કરોડ ચાઉં


**શાળા** પાઠ્યપુસ્તક મંડળનો બોગસ લેટર બનાવી આચરાયેલું કૌભાંડ, ઇકો સેલે એકની ધરપકડ કરી

#### ૨૫ ટકા નફો આપવાની લાલચ આપી હતી

સંજયે રવજીભાઇને રૂ.50 લાખની સામે ૨૫ ટકા એટલે કે રૂ.12.50 લાખનો નફો આપવાની લાલચ આપી હતી. જેથી લાલચમાં આવેલા રવજી ભાઈએ રૂ.1 કરોડ આપ્યા હતા. બાદમાં ઠગોએ ટેન્ડર લાગી જશે એમ કહીને રૂ.50 લાખની સામે રૂ.15 લાખ નફો આપવાની લાલચ આપીને રુપિયા ખંખેર્યા હતા.

#### સરકારી શાળાનો આચાર્ય સંજય પટેલ બે વર્ષમાં 33 વખત દુબઈ ગયો હતો, 3.40 લાખનો દંડ કરાયો

સરકારી શાળાના આચાર્ય સામે અગાઉ પણ ફરજમાં બેદરકારી અને છેતરપિંડીનો ગુનો નોંધાયો છે. શાળાનો આચાર્ય હોવાથી પૂર્વ મંજુરી વગર બે વર્ષમાં 33 વખત દુબઇ ગયો હતો. તેમજ ત્યાં ઓફિસ પણ શરૂ કરી હતી. તેની સામે ગ્રાન્ટનાં નાણાં વાપરી નાંખ્યા સહિતની ફરિયાદ થઇ છે. હાલમાં જ શિક્ષણ સમિતિ દ્વારા તેને રૂ.3.40 લાખનો દંડ કરવામાં આવ્યો છે.



સુરતઃ સરથાણામાં રહેતા બાંધકામ વ્યવસાયીને સરકારી શાળાઓમાં રમતગમતના સાધનો અને પાઠ્યપુસ્તકોના ટેન્ડરમાં રોકાણ કરી મોટો નફો મેળવવાની લાલચ આપી રૂ. ૧.૭૦ કરોડ પડાવી લેવાનું કૌભાંડ બહાર આવ્યું છે.

ફરિયાદની વિગતો મુજબ, સરથાણા જકાતનાકા પાસે પાર્વતીનગર સોસાયટીમાં રહેતા ૬૦ વર્ષીય રવજીભાઇ રજમતભાઇ કાબરીયા બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ૨૦૨૪ના જાન્યુઆરી માસમાં તેમના પરિચિત અજીત પટેલ (રહે. કતારગામ) એ સંજય બાબુ પટેલ (રહે. મોટા વરાછા) સાથે મુલાકાત કરાવી હતી. સંજય પટેલે પોતે સરકારી સ્કૂલમાં આચાર્ય હોવાનું જણાવી 'જોગમાયા સ્ટેશનરી'ના નામે સરકારી ટેન્ડરો મેળવતો હોવાની ઓળખ આપી હતી. રમતગમત સાધનોના ટેન્ડરના ખોટા પરિપત્રો બતાવ્યા હતા. શરૂઆતમાં રવજીભાઈએ રૂ.૫૦ લાખનું રોકાણ કર્યું હતું, જેની સામે આરોપીઓએ નફા સહિતની રકમ પરત કરવાની ચીઠ્ઠી લખી આપી હતી. ત્યારબાદ સ્ટેશનરી કિટ અને અન્ય બહાના હેઠળ અલગ-અલગ તારીખે કુલ રૂ.૧,૭૦,૦૦,૦૦૦ રોકડા મેળવી લીધા હતા. જ્યારે રવજીભાઈએ ઉઘરાણી શરૂ કરી, ત્યારે આરોપીઓએ 'ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર'નો ધોરણ ૧થી ૧૦ના પુસ્તકોના વિતરણનો ઈજારો મળ્યો હોવાનો એક બનાવટી લેટર બતાવ્યો હતો. જો કે, પાછળથી જાણવા મળ્યું હતું કે આવું કોઈ ટેન્ડર મળ્યું જ નહોતું.આરોપીઓએ શરૂઆતમાં માત્ર ૨૩ લાખ રૂપિયા નફા પેટે પરત આપી બાકીની રકમ ઓળવી ગયા હતા. રવજીભાઈએ પોલીસનો સંપર્ક કર્યો હતો. ઈકો સેલે આ મામલે સસ્પેન્ડેડ પ્રિન્સીપાલ સંજય બાબુભાઈ પટેલ, બાબુભાઈ પ્રભુદાસ પટેલ અને અજીતભાઈ કરસનભાઈ પટેલ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસે હાલ અજીતની ધરપકડ કરી છે, જ્યારે સંજય પટેલ અગાઉ અમદાવાદ ક્રાઈમ પોલીસમાં નોંધાયેલા ગુનામાં જામીનમુક્ત છે, હાલ આ ગુનામાં ફરાર છે.